# છોકરી કાંઇક બોલે અને એના શબ્દને આધારે છરો ફેંકાય...

**શહેરમાં સરકસ આવ્યું હતું. એનાં ઘણાં આકર્ષણો હતા, પણ મુખ્ય આકર્ષણ આંધળાના ગોળીબારનું હતું. એક અંધ આદમી સામે ઊભેલી યુવતી ભણી કાંઇ કેટલાય છરા ફેંકતો અને યુવતી બાલબાલ બચી જતી!**

## આંધળાનો ગોળીબાર

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા



અમદાવાદની સાબરમતી નદીનાં રૂપરંગ નવી સદીથી સાવ બદલાઇ ગયા છે. એક સમયની ખાલીખાલી અને ક્યાંક ગટરના પાણીની નીકો ધરાવતી સાબરમતી બે કાંઠે ભરાયેલી રહે છે. બેય કાંઠે પાકા આરા છે અને બાજુમાં ખુલ્લાં મેદાનો છે. અહીં જુવાનિયા ક્રિકેટ રમે છે. ક્યારેક ધર્મકથા, ક્યારેક નેતાસભા, ક્યારેક સરકસ યોજાય છે.

ગત ઉનાળે આવું એક સરકસ ગ્રેટ વર્લ્ડ સરકસ અહીં આવ્યું હતું. ઉનાળાની સાંજે અને રાતે સરકસના ખેલા ચાલતા. એ જોવા માટે પ્રેક્ષકો ઊભરાતા. ઘણાને તો ટિકિટ ન મળતાં, નદી કાંઠાની ઠંડી હવા ખાઇને જ પાછાં જવું પડતું. પ્રેક્ષકોના આ વિપુલ ધસારા માટે કારણરૂપ કે આકર્ષણરૂપ હતો. ગ્રેટ વર્લ્ડ સરકસનો છરાબાજીનો ખેલ! વળી, એ ખેલ પણ કેવો! એ તદ્દન અંધ આદમી એવી તો સીફતથી છરા ફેંકે કે નિશાન અચૂકપણે વીંધાઇ જાય! અથવા એક છોકરીને એની સામે ઊભી રાખવામાં આવે, પછી છોકરી કાંઇક બોલે અને એ બોલને આધારે છરાબાજ. એવી તો શબ્દવેધી છરાબાજી કરે કે છોકરીની આસપાસ અનેક છરા ખચાખચ ખૂંપી જાય અને છોકરી સલામત રહે.

જોગાનુજોગ, આ દિવસોમાં જ ટીવી પર શબ્દવેધી બાણાવળી રાજા પૃથ્વીરાજ ચૌહાણની સીરિયલ ચાલી. આથી તો સરકસવાળાને પ્રચારનો ખાસ લાભ મળ્યો. આ છરાબાજની કમાલ જોવા શહેર ઉત્સુક બની ગયું.

એટલે એક દિવસ પ્રાઈવેટ ડિટેક્ટીવ રાધિકા ચેટરજીએ પોતાના વડા સાથી ડિટેક્ટીવ અજય વર્માને સૂચવ્યું, 'ચાલો ને, આ સરકસ એક વાર જોઈ આવીએ!'

અજયને આવા સરકસ બરકસમાં સમય ગાળવો બહુ ન ગમે. એ તો કાં ગુનાશોધનના કામમાં રચ્યોપચ્યો હોય, કાં ડિટેક્ટીવ વાર્તાઓનું કોઇ પુસ્તક વાંચતો હોય, પરંતુ આંધળાના ગોળીબાર જેવી આંધળાની આ છરાબાજીની વાત રાધિકાએ જણાવી ત્યારે એને પણ મન થયું કે એકાદ વાર આ સરકસ જોવું જોઇએ. એક અંધ છરાબાજ જીવતી છોકરી ભણી છરા ફેંકે અને એ છોકરીને કશી ઈજા ન થાય, એ જોવાનો તો લહાવો ગણાય. એણે કહી દીધું, 'ભલે, રાધિકા, રણછોડને મોકલીને આવતા રવિવારની બે ટિકિટો મંગાવી લે.'

'ટિકિટો?' રાધિકાએ ભવાં ચડાવ્યાં. 'આપણે દોસ્ત દિનકર દિનકર દેસાઇને કહીશું એટલે એ સારી જગાએ બેસવાનું ગોઠવી આપશે.' અજયની આંધમાં નારાજગીની આછીપાતળી લાલી આવી ગઇ. એ બોલ્યો, 'રાધિકા! આપણે માત્ર ગુનાશોધકો નથી, આપણે પ્રામાણિકતાના રક્ષકો પણ છીએ. આપણે પોતે જ મફતના લોભમાં પડીશું તો પ્રામાણિક કોણ રહેશે? ઉઘાડ તારી પર્સ અને રણછોડને ટિકિટના પૈસા આપી દે.' આમ, ગ્રેટ વર્લ્ડ સરકસની ટિકિટો આવી ગઇ રવિવારે સાંજે ગુનાશોધકો સરકસ જોવા ગયાં. સરકસના તંબૂમાં પેસતાં સુધી તો અજય તો નિરુત્સાહી જ હતો. એને સરકસનો ખાસ શોધ નથી. પોતે આર્મીમાં હતો ત્યારે ભલભલા સરકસ ખેલાડી કરતાંય વધારે ખતરનાક ખેલ એ કરતો. એને આવા રમતરૂપ ખેલ કેટલાક ગમે?

પરંતુ તંબૂમાં દાખલ થતાં જ એનો ચહેરો ચમકી ઊઠ્યો. સરકસનો મેનેજર સરકસના સૌ ખેલાડીઓને એક કતારમાં ઊભા રાખીને પ્રેક્ષકોને એમની ઓળખાણ આપતો હતો. એમાં કાળાં ચશ્માંવાળા આધેડ ઉંમરના એક આદમીની ઓળખ આપતા એ બોલ્યો, 'સજ્જનો અને સન્નારીઓ! આ છે છેલછબીલો છરાબાજ! એમના જેવી છરાબાજી તમે જિંદગીમાં નહીં જોઇ હોય અને ભવિષ્યમાં કદાચ જોશો પણ નહીં. એ અંધ છે છતાં, પૃથ્વીરાજ ચૌહાણ જેવો શબ્દવેધી છે.'

મેનેજરતો એને વિશે લાંબું પ્રચાર ભાષણ કરતો રહ્યો, પરંતુ અજયને એમાં રસ નહોતો. અજયના રસને તો બીજી જ વાતે જગાડી દીધો હતો. એણે રાધિકાના મસ્તકને પકડીને પોતાના મોંની નજીક લાવતાં ધીમે અવાજે પૂછ્યું, 'આને ઓળખ્યો?'

> **જોગાનુજોગ, આ દિવસોમાં જ ટીવી પર શબ્દવેધી બાણાવળી રાજા પૃથ્વીરાજ ચૌહાણની સીરિયલ ચાલી. આથી તો સરકસવાળાને પ્રચારનો ખાસ લાભ મળ્યો. આ છરાબાજની કમાલ જોવા શહેર ઉત્સુક બની ગયું**

'કોને?' રાધિકાએ આજુબાજુ નજર ધુમાવતા પૂછ્યું.

'આ શબ્દવેધી પૃથ્વીરાજને આ છરાબાજને!' અજયે નજરનો ઉલાળો કરતા કહ્યું. 'આ છે ફકીરો મેં એને ચાર વર્ષ પહેલાં છેતરપીંડીના ધંધા બદલ પકડ્યો હતો. ત્યારે તો એ આંધળો નહોતો. એના પર કેસ ચાલ્યો ત્યારે તો તું પણ કોર્ટમાં હતી.'

રાધિકાએ કહ્યું, 'ચાર વર્ષમાં ઘણા લોકો અંધ થઈ શકે છે. અજયબાબુ. માટે શાંતિ રાખો. સરકસ જુઓ.' અલબત્ત સરકસમાં સૌથી વધુ રસ પડે એવો ખેલ શબ્દવેધી છરાબાજનો હતો. એણે પહેલાંતો સામેના એક ગોળ પાટિયા પર છરા ફેંક્યા. એ પાટિયા પર ખાનાં પાડીને એકથી પચાસ સુધીના આંકડા લખેલા હતા. સરકસનો મેનેજર જે આંકડો બોલેતે પર જ છરાબાજ પોતાનો છરો ફેંકી બતાવતો હતો. અલબત્ત સારો એવો મહાવરો હોય અને અંતરનો બરાબર ખ્યાલ આવી ગયો હોય તો અંધ માણસ પણ આ ખેલ જરૂર કરી શકે. અંધ જનોમાં ગજબની આંતરિક શક્તિઓ ખીલેલી હોય છે. જો કે આ પછી એ કમાલના શબ્દવેધીએ જ ખેલ કરી બતાવ્યો તે તો ભલભલાના કાળજાં ઊંચા કરી નાંખે એવો હતો. પહેલાં એક પાટિયાની આગળ એક યુવતીને ઊભી રાખવામાં આવી. પછી મેનેજર છરાબાજનો ખભો પકડીને એને આ યુવતી સુધી દોરી ગયો. પછી એ જ રીતે, પગલાં ગણતાં ગણતાં એ વીસ પગલાં સામે દોરી ગયો. અહીં એને જ્યાં ઊભો રાખ્યો ત્યાં બાજુમાં એક મેજ પર વીસ ચળકતા ધારદાર છરા મૂકવામાં આવ્યા હતા. આટલું કરીને મેનેજરે ઈશારો કર્યો. જોરદાર સંગીત વાગવા લાગ્યું. એ સંગીતને તાલે તાલે છરાબાજે એક પછી એક છરો ઉપાડીને તોળીને પેલી યુવતી તરફ ધનાધન ફેંકવા માંડ્યા! દરેક છરો છોકરીના શરીરથી માંડે બે ત્રણ-બે ત્રણ સેન્ટીમીટર છેટો રહેતો હતો. જરાય આઘોપાછો થાય તો યુવતીને વીંધી નાંખે. દરેક છરો ઉપડતો અને તોળાતો અને ફેંકાતો ત્યારે પ્રેક્ષકોના શ્વાસે થંભી જતા અને એ સલામત અંતરે પાટિયામાં ખૂંપી જતો ત્યારે સામૂહિક ઊંડી આહ નીકળી જતી. પરંતુ ધન્ય છે એ શબ્દવેધી છરાબાજને! એણે વગર આંખે વીસ વીસ છરા ફેંક્યા છતાં યુવતીને ઊની આંચ પણ આવવા ન દીધી.

'આધુનિક પૃથ્વીરાજ ચૌહાણ જેવા ગણાયેલા આ છરાબાજનો ખેલ પૂરો થવા આવ્યો તે પહેલાં જ અજયે રાધિકાને સૂચવ્યું, 'ઊઠ! જલદી ચાલ મારી સાથે.' સરકસની રસિયણ રાધિકાને આ વિક્ષેપ ગમ્યો તો નહીં જ, પરંતુ અજય એટલો બધો ગંભીર હતો અને ઊભા થવાને એની આજ્ઞામાં એટલી તો સત્તાવાહિતા હતી કે એ ન છૂટકે ઊભી થઈ અને અજયને અનુસરી. બંને ગુનાશોધકો ઉતાવળે ચાલીને વડા તંબૂને પાછલે દરવાજો જઈને ઊભા રહ્યાં. અજયની ધારણા મજબ જ છરાબાજ પણ પાંચેક મિનિટમાં પોતાનો ખેલ સમાપ્ત કરીને બહાર નીકળ્યો. દરેક અંધજનની માફક, એ લાકડી ઠોકીને માર્ગની ચોકસાઇ કરતો ધીમે ડગલે ચાલી રહ્યો હતો. તરત જ અજયે એને પડકાર્યો, 'અલ્યા ફકીરા! જૂઠુ બોલીને જગતને છેતરવાનો ધંધો હજુ તેં મૂક્યો નથી એમને? તને ખબર છે ને, આવું જૂઠાણું બોલીને સરકસના પ્રેક્ષકોને છેતરવા બદલ પણ તારી સામે કેસ થઈ શકે છે?'

પેલાએ સહેજ ડોકું ફેરવ્યું. અંધ માનવીની સ્વાભાવિક રીતે જ પૂરેપૂરું ડોકું ફેરવ્યા વગર જ એ બોલ્યો, 'આ... અવાજ... હા, બરાબર... આ અવાજ તો... ડિટેક્ટીવ સાહેબ વર્માનો છે. તમે અજયબાબુ છો ને?'

પછી સહેજ આગળ વધીને એણે ફંફોસીને અજયનો હાથ શોધી કાઢ્યો. હાથમાં હાથ પરોવીને, ભાઇબંધીભરી રીતે અજયનો હાથ દબાવીને કહ્યું, 'અહીં પાછળ જમણી બાજુથી બીજો મારા રહેઠાણનો તંબૂ છે. આવો અને મારી ચાવીઓ રસ્તામાં જ મારી કઠણાઈની કહાણી કહું.'

આમ કહીને એણે અજયને સહારે ચાલવા માંડ્યું. થોડાંક ડગલાં ચાલતાં જ રસ્તામાં પડેલા દોરડાના એક વીંટીમાં એનો પગ અટવાયો અને એ ડવાડિયું ખાઇ ગયો. ભોંયે પટકાયો. પછી કપડાં ખંખેરીને ફરી અજયનો હાથ શોધીને ચાલતાં એણે વાત કરી, અજય બાબુ, તમે મને એ ટાણે છેતરપીંડીમાં ઝડપી લીધો અને મને આઠ મહિનાની સજા થઈ એ તો યાદ હશે. સજા ભોગવીને એક વાર હું સુરત જતો હતો બસમાં બેઠેલો પણ એ બસને અકસ્માત નડ્યો. વીસેક મુસાફરોને ઈજા થઈ. મને આગળની સીટની ધાર બંને આંખે વાગી. હું અંધ બની ગયો. પછી શો ધંધો કરવો એનો વિચાર કરવા લાગ્યો. વિચાર કરતાં મેં નવરા બેઠા છરા ફેંકવા માંડ્યા. મારી દીકરીએ કીધું કે બાપા, તમે આબાદ નિશાન તાકો છો. એટલે આ સરકસમાં જોડાઇ ગયો. સાચે જ અજય બાબુ હું સુધરી ગયો છું. આંધળો માણસ છેતરપીંડી તો ક્યાંથી કરે!' એટલામાં એનો તંબૂ આવી ગયો. તંબૂના કેન્વાસના દરવાજાને તાળું હતું. ફકીરાએ ગજવામાંથી ચાવી કાઢીને સારી એવી વાર ફંફોસીને તાળું ખોલ્યું. તંબૂની અંદર પેઠા પછી જાણીતી જગામાં એક ઠેઠ આસાનીથી હરવા-ફરવા લાગ્યો. ગેસના નાના સિલીન્ડરની સગડી ચાલુ કરીને એના પર ચાની કીટલી મૂકી. બાજુના ટેબલ પરથી ફંફોસીને એણે પ્યાલા રકાબીની ત્રણ જોડી શોધી કાઢી. પછી ચા બની ગયા એટલે એક પ્યાલો ડાબા હાથે ઉઠાવીને જમણે હાથે ચાની કીટલી ઉપાડીને ચા રેડતા કહ્યું, 'અજય બાબુ, અંધ બની જવા જતા હું હવે ઘણાંકામ આસાનીથી કરી શકું છું.' એણે ચાનો પ્યાલો બરાબર કાંઠા સુધી ભરીને રકાબીમાં મૂક્યો અને ચા અજય સામે ધર્યો. અજયે એ પકડતાં કહ્યું, 'ફકીરા! તું ભલે ગમે તેટલી વાતો બનાવે, હકીકત એ છે કે તારી આંખો તદ્દન સલામત છે. તું અંધપણાનો ખાલી ડોળ જ કરે છે. છેતરપીંડીનો આરોપ તો હજુ પણ તારા પર લાગી શકે છે.'

**(વાચક મિત્રો! શું અજય પોતાનો આ આરોપ શાથી લગાવી શક્યો? શા પરથી જણાયું કે ફકીરા અંધ નથી? જવાબ શોધો. દરમિયાનમાં ગત રહસ્યકથાના ઉકેલ પણ જુઓ.)**

---

**રહસ્યકથા 'અપમૃત્યુ અજનબીનું'નો ઉકેલ**

દિનકર માથું ધુણાવવા લાગ્યો. 'ભલા આદમી, એ ચિઠ્ઠી તો એક વેર તરસ્યા આદમીની બ્લેકમેઇલિંગ માટેની ચિઠ્ઠી હતી. એમાં વળી શો ભેદ છુપાયેલો હતો?' અજયે સમજાવ્યું, 'એ ચિઠ્ઠી તો સરકારી વકીલ પાસે ગઇ, પણ એમાંનું એક વાક્ય મને યાદ હતું- 'તમે કમરતોડ રૂપિયા ઓકાવ્યા હતા'! અહીં 'કમરતોડ' શબ્દમાં રાજુ શાહનો કડવો શ્લેષ હતો. એ વાંચતાં જ મને એટલું તો જણાઇ ગયું હતું કે રાજુ શાહની કમર તૂટવા અંગેની કશીક વાત છે. ડોક્ટર મહેતાએ મારી શંકાની પૂર્તિ કરી આપી, બસ!' 'ખરેખર, અજય, યૂઆર-' 'બસ, દિનકર!' અજયે એને બોલતો અટકાવતા કહ્યું, પ્રશંસા રહેવા દે, ભાઇ. ક્યાંક હું જાડીયો-પાડિયો થઇ જઇશ!'